## વડોદરા તાલુકા પંચાયતમાં 'નવા યુગ'નો પ્રારંભ:

# પુનમભાઈ જાદવ પ્રમુખ, ઉપપ્રમુખ તરીકે વનીતાબેન ટાટોડની વરણી કરવામાં આવી

**કારોબારી** ચેરમેન પદે બ્રિજેશ ઠાકોરની તાજપોશી




(પ્રતિનિધિ) વડોદરા, તા.24
વડોદરા તાલુકા પંચાયતના નવા હોદ્દેદારોની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે, જેનાથી સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. સંગઠન અને વહીવટી માળખાને વધુ મજબૂત કરવાના આશય સાથે પક્ષ દ્વારા તદ્દન નવા ચહેરાઓ અને ઉત્સાહી નેતાઓને મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે. લાંબા સમયની રાહ જોયા બાદ આખરે સત્તાવાર નામો જાહેર થતાં જ પંચાયતના રાજકારણમાં નવી વહીવટી ઈનિંગની શરૂઆત થઈ ચૂકી છે. આ નવી જાહેરાત અનુસાર, વડોદરા તાલુકા પંચાયતના સર્વોચ્ચ એવા પ્રમુખ પદની મહત્વની જવાબદારી પુનમભાઈ રાવજીભાઈ જાદવને સોંપવામાં આવી છે. તેમની આગેવાની હેઠળ હવે તાલુકાના વિકાસ કાર્યોને આગળ ધપાવવામાં આવશે. આ સાથે જ વહીવટી કામગીરીમાં તેમને સાથ આપવા માટે ઉપપ્રમુખ તરીકે વનીતાબેન રાજેન્દ્રસિંહ ટાટોડની પસંદગી કરવામાં આવી છે. પંચાયતની તિજોરી અને વિકાસના કામો પર સીધી દેખરેખ રાખતી સૌથી પાવરફુલ ગણાતી કારોબારી સમિતિના ચેરમેન તરીકે બ્રિજેશ વાસુદેવભાઈ ઠાકોરની નિમણૂંક કરવામાં આવી છે, જેઓ પંચાયતના નાણાકીય અને માળખાકીય આયોજનોને આખરી ઓપ આપશે. વહીવટી પાંખની સાથે પક્ષના સંગઠનને પંચાયતની અંદર વધુ મજબૂત અને શિસ્તબદ્ધ રાખવા માટે પણ ચોક્કસ વરણી કરવામાં આવી છે. જેમાં તાલુકા પંચાયતમાં પક્ષના નેતા તરીકે ભગવતીબેન ભરતભાઈ મકવાણાની પસંદગી થઈ છે, જેઓ સભ્યો વચ્ચે સંકલન સાધવાનું કામ કરશે. જ્યારે પંચાયતના સદસ્યોમાં શિસ્ત જળવાઈ રહે અને પક્ષની લાઈન મુજબ કામ થાય તે સુનિશ્ચિત કરવા માટે દંડક (વ્હીપ) તરીકે પૂજીબેન જગદીશભાઈ રબારીને મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. આ નવા હોદ્દેદારોના નામોની જાહેરાત થતાં જ વડોદરા તાલુકા પંચાયત કચેરી ખાતે અને સ્થાનિક સ્તરે કાર્યકરો તેમજ સમર્થકોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

## નર્મદાના અંબાલી ગામે ગંગા દશેરા નિમિત્તે આજે મહાભંડારાનુ આયોજન

(પ્રતિનિધિ), વડોદરા. તા.24
ફતેગંજ સ્થિત બુદ્ધેશ્વર મહાદેવ મંદિરના બ્રહ્મલીન મહારાજ પારસગીરી લાલપ્રસાદ ના સેવકો દ્વારા આગામી તા. 25/05/2026, સોમવારના રોજ ગંગા



દશેરાના પાવન પર્વે એક વિશેષ ધાર્મિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. નર્મદા કિનારે આવેલા અંબાલી ગામ ખાતે સતી અનસુયા માતાના મંદિરે (દત્ત મંદિર) આ તમામ ધાર્મિક પ્રસંગો યોજાશે. સત્યનારાયણ ભગવાનની કથા, ત્યારબાદ વિષ્ણુ મહાયજ્ઞ, બ્રહ્મ ભોજન અને 1000 વિષ્ણુ સહસ્ત્રનામ પાઠનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સવારે 9:00 વાગ્યાથી સાંજના 4:00 વાગ્યા સુધી સાર્વજનિક મહાભંડારો ખુલ્લો રહેશે. બુદ્ધેશ્વર મહાદેવ મંદિરના સેવકો (ભૂપેન્દ્રભાઈ મિશ્ર અને અન્ય સેવકગણ) દ્વારા ભંડારાનો મહાપ્રસાદ ગ્રહણ કરવા માટે ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ગોરવા પોલીસ સ્ટેશનમાં બંને પક્ષના લોકોએ સામસામે આક્ષેપો

# તાંત્રિક વિધિથી લગ્ન કરાવ્યાના આક્ષેપ સાથે યુવતીએ જાહેરમાં થપ્પડ મારી

(પ્રતિનિધિ) વડોદરા, તા.24
વડોદરાના ગોરવા વિસ્તારમાં યુવકને યુવતીએ જાહેરમાં થપ્પડ માર્યા બાદ મામલો વધુ વિવાદાસ્પદ બન્યો છે. એક તરફ યુવક દ્વારા યુવતી અને તેના સાગરિતો સામે જાનથી મારી નાખવાની ધમકીની ફરિયાદ નોંધાવવામાં આવી છે, ત્યારે બીજી તરફ યુવતીએ યુવક સામે તાંત્રિક વિધિ કરીને લગ્ન કરવા મજબૂર કર્યાના તેમજ શારીરિક-માનસિક ત્રાસ આપ્યાના ગંભીર આક્ષેપો કર્યા છે.

યુવતીએ ગોરવા પોલીસ પર પણ પોતાની ફરિયાદ ન લેવાના આક્ષેપ લગાવ્યા છે. કરોડિયા રોડ સ્થિત ઈશ્વરકૃપા સોસાયટીમાં રહેતા પાર્થ અશોકભાઈ રોહિતે ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, અરજદાર ઉર્વશી નાઈ દ્વારા અગાઉ કરાયેલી અરજી સંદર્ભે તેમને ઈલોરાપાર્ક પોલીસ ચોકી ખાતે નિવેદન માટે બોલાવવામાં આવ્યા હતા. તે સમયે ઉર્વશીએ ગાળો બોલી ઝઘડો શરૂ કર્યો હતો અને બાદમાં પોતાના ઓળખીતાઓ મનીષ રાઠોડ, આશીફ ઉર્ફે મુચ્છડ અને સબોને બોલાવ્યા હતા. ઉર્વશીએ જાહેરમાં પાર્થને થપ્પડ મારી હતી, જ્યારે અન્ય શખ્સોએ રૂપિયા પરત નહીં આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસ સ્ટાફ અને પાર્થના મિત્રો વચ્ચે પડતા આરોપીઓ ફરાર થઈ ગયા હતા. બીજી તરફ યુવતી ઉર્વશી નાઈએ ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, એક્સિસ બેંકમાં નોકરી દરમિયાન તેની પાર્થ સાથે મિત્રતા થઈ હતી. ત્યારબાદ પાર્થે મિત્રતાનો ગેરફાયદો ઉઠાવી તેની પાસેથી મોટી રકમ લીધી હતી અને પ્રેમ સંબંધ માટે દબાણ કરવાનું શરૂ કર્યું હતું.

## હાલોલ શહેર ના અરાદ રોડ વિસ્તારમાં ઘરફોડ ચોરીથી લોકોમાં ફફડાટ

(પ્રતિનિધિ) હાલોલ, તા.24
હાલોલ શહેરના અરાદ રોડ વિસ્તારમાં નાયરા પેટ્રોલ પંપ ની પાછળ આવેલ નારાયણ સોસાયટીમાં ગત રાત્રીએ આ લાખોની માલમતા ની ચોરીનો બનાવ બન્યો હતો. તેથી આજુબાજુના રહીશોમાં ભય અને ડરનો માહોલ પેદા થયો છે
ઉનાળાની કાળઝાળ ગરમી ચાલી રહી છે ત્યારે મકાન માલિક પોતાના ધાબા ઉપર સુઈ ગયા હતા એ સમયે રાત્રે ચોરોએ મકાનને નિશાન બનાવ્યું હતું તસ્કરો ઘરના રસોડાની બારી તોડી તસ્કરો ઘરમાં ઘૂસ્યા હતા ઘરમાં એક પણ સભ્ય ન હોવાથી તસ્કરોએ અંદરના રૂમ મા તિજોરી તોડી તેમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી પલાયન થઈ ગયા હતા ત્યારબાદ સવારે પોતાના ઘરમાં આવતા માલુમ પડ્યું કે ઘરમાં બધી વસ્તુ વેરવિખેર પડેલી હતી અને રસોડાની બારી તોડેલી હતી તેથી માલુમ પડ્યું કે તિજોરીમાં રાખેલ કીમતી સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ ચોરી થઈ છે.

## વોર્ડ-12ના બિલ વિસ્તારમાં ડ્રેનેજ કૌભાંડ

# તંત્ર અને કોન્ટ્રાક્ટરની મિલીભગતથી તૂટેલી પાઈપો નાખી દેવામાં આવી

ભવિષ્યમાં રોગચાળો અને રસ્તા બેસી જવાની ભીતિ, કોન્ટ્રાક્ટર સામે કડક પગલાં લેવા સ્થાનિકોની માંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા.24
વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નંબર-12માં સમાવિષ્ટ બિલ વિસ્તારમાંથી ભ્રષ્ટાચારની એક ગંભીર અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. વિકાસના કાર્યોના નામે પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા પાણીમાં વહાવવામાં આવતા હોવાનો જીવતો પુરાવો અહીં જોવા મળ્યો છે. બિલ વિસ્તારમાં હાલમાં ચાલી રહેલી નવી ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરીમાં તંત્ર અને કોન્ટ્રાક્ટરની મિલીભગતથી તદ્દન હલકી કક્ષાના અને તૂટેલા ભૂંગળા વાપરવામાં આવી રહ્યા હોવાનું એક મોટું કૌભાંડ સ્થાનિક રહીશોએ ખુલ્લું પાડ્યું છે.
મળતી માહિતી અનુસાર, છેલ્લા કેટલાક દિવસોથી બિલ વિસ્તારમાં ડ્રેનેજ લાઈન નાખવાનું કામ પ્રગતિ હેઠળ છે. આ દરમિયાન સવારે જ્યારે સ્થાનિક નાગરિકોએ કામગીરીનું નિરીક્ષણ કર્યું, ત્યારે તેઓ જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા કે જે પાઈપો જમીનમાં ઉતારવામાં આવી રહી હતી તે અનેક જગ્યાએથી તૂટેલી અને બિસ્માર હાલતમાં હતી. સ્થાનિકોએ આ બાબતે સ્થળ પર હાજર સુપરવાઈઝર અને કામદારો સમક્ષ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો

## વડોદરામાં રવિવારે મોટી દુર્ઘટના ટળી

# સુસેન-વડસર રોડ પર કારનો ગમખ્વાર અકસ્માત, બે લોકોનો આબાદ બચાવ

**વળાંકો** અને ધમધમતા રસ્તાઓ પર વાહનની ગતિ મર્યાદિત રાખવી : શહેર પોલીસની અપીલ




(પ્રતિનિધિ) વડોદરા, તા.24
વડોદરા શહેરના સુસેન-વડસર રોડ પર આવેલા વસંત વિહાર સામે આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જોકે, સદનસીબે કારમાં સવાર બંને વ્યક્તિઓનો આબાદ બચાવ થતાં તંત્ર અને સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો છે. મળતી માહિતી મુજબ, વસંત વિહારની સામેથી પસાર થઈ રહેલી GJ 06 PJ 9036 નંબરની કારને અકસ્માત નડ્યો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ઘટનાને પગલે રોડ પર થોડા સમય માટે ભારે અફરાતફરી મચી ગઈ હતી અને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. ફોર વ્હીલર કાર અનિયંત્રિત થઈ ને પલટી ખાઈ ગઈ હતી. ગાડીને ખુબ જ નુકશાન થવા છતાં અંદર બેઠેલા બંને લોકોનો ચમત્કારિક બચાવ થયો હતો. જેથી રાહદારીઓએ અને સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ઘટનાની જાણ થતાં જ માંજલપુર પોલીસનો કાફલો તાત્કાલિક એક્શનમાં આવ્યો હતો અને ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે સમયસૂચકતા વાપરીને ટ્રાફિક હળવો કરાવ્યો હતો અને અકસ્માત અંગેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અકસ્માત બાદ પોલીસ અને તંત્ર દ્વારા વાહનચાલકોને ખાસ અપીલ કરવામાં આવી છે કે, વળાંકો અને ધમધમતા રસ્તાઓ પર વાહનની ગતિ મર્યાદિત રાખવી. ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું એ માત્ર કાયદો નથી, પણ તમારી અને તમારા પરિવારની સુરક્ષા માટે અનિવાર્ય છે. સહેજ સાવચેતી મોટા અકસ્માતને ટાળી શકે છે.

## સુભાનપુરા વિસ્તારમાં મહિલાને નિશાન બનાવી હોવાની કબૂલાત

# વહેલી સવારે ડોગ સાથે મોર્નિંગ વોકમાં નીકળેલી મહિલાની સોનાની ચેઈન તોડનાર ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.24
સુભાનપુરા વિસ્તારમાં મોર્નિંગ વોક માટે નીકળેલી મહિલાના ગળામાંથી સોનાની ચેઈન ઝૂંટવી ફરાર થયેલા આરોપીને વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી ચેઈન સ્નેચિંગનો ગુનો ડિટેક્ટ કર્યો છે. આરોપી પાસેથી રૂ.1.23 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. તા.19 મે 2026ના રોજ વહેલી સવારે સુભાનપુરા ખાતે રહેતી મહિલા પોતાના પેટ ડોગ સાથે ચાલવા નીકળી હતી. તે દરમિયાન નૂતન મહેશ્વર સોસાયટી નજીક એક એક્ટિવા ચાલક સરનામું પૂછવાના બહાને મહિલાની નજીક આવ્યો હતો અને ગળામાં પહેરેલી અંદાજે એક તોલા વજનની સોનાની ચેઈન પેન્ડલ સાથે ઝૂંટવી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે ગોરવા પોલીસ સ્ટેશનમાં ચેઈન સ્નેચિંગનો ગુનો નોંધાયો હતો. બનાવની ગંભીરતા ધ્યાને લઈ પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર અને સંયુક્ત પોલીસ કમિશનર નિલેશ જાજડિયાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચની ટીમે સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન અમિતનગર પાણીની ટાંકી રોડ પરથી આનંદનગર ગ્રાઉન્ડ નજીકથી તુષાર ઉર્ફે કાવો લક્ષ્મણભાઈ પરમાર (ઉ.વ.26), રહે. મકરબા પોલીસ લાઈન, સરખેજ રોડ, અમદાવાદને ઝડપી પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન આરોપી પાસેથી તૂટેલી સોનાની ચેઈન તથા સેમસંગ મોબાઈલ ફોન મળી આવ્યો હતો. પૂછપરછમાં આરોપીએ અમદાવાદથી વડોદરા આવી ભાડે એક્ટિવા લઈ મહિલાની ચેઈન સ્નેચિંગ કર્યાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપી પાસેથી રૂ.1.18 લાખની સોનાની ચેઈન અને રૂ.5 હજાર નો મોબાઈલ ફોન મળી રૂ.1.23 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

## "જ્યાં ધર્મ, કર્તવ્ય અને પવિત્રતા હોય ત્યાં જ સાચો વિજય જન્મે" : વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમાર



(પ્રતિનિધિ) વડોદરા, તા.24
નવલખી મેદાન ખાતે આયોજિત ભગવદ ગીતા પ્રવચનના પ્રથમ દિવસે હજારો વૈષ્ણવો અને ભાવિકજનો ઉમટી પડ્યા હતા. ખીચોખીચ ભરાયેલા મંડપમાં વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમાર મહોદયે શ્રીમદ્ ભગવદ્ ગીતા અંગે આધ્યાત્મિક અને જીવનમૂલ્ય આધારિત પ્રવચન આપતાં શ્રોતાઓ ભાવવિભોર બન્યા હતા. કાર્યક્રમ દરમિયાન 1100 ગાયોના એકસાથે દર્શન થતાં સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. પૂજ્ય શ્રીએ જણાવ્યું હતું કે શ્રીમદ્ ભગવદ્ ગીતા માત્ર યુદ્ધના મેદાનમાં બોલાયેલો ગ્રંથ નથી, પરંતુ જીવનના દરેક સંઘર્ષમાં માર્ગદર્શન આપતું દિવ્ય જ્ઞાન છે. આજના સમયમાં ભૌતિક સુવિધાઓ વધવા છતાં માનસિક શાંતિ અને સ્થિરતા ઘટી રહી છે, ત્યારે ગીતા જીવનને સ્પષ્ટ દિશા અને આંતરિક શક્તિ આપે છે. તેમણે સમજાવ્યું હતું કે ગીતા "ધર્મક્ષેત્રે" શબ્દથી શરૂ થાય છે, કારણ કે જ્યાં ધર્મ, કર્તવ્ય અને પવિત્રતા હોય ત્યાં જ સાચો વિજય પ્રાપ્ત થાય છે. માત્ર સ્થાન નહીં પરંતુ વિચારો, વર્તન અને કર્તવ્ય પણ પવિત્ર હોવા જોઈએ.

## વડોદરામાં હરિપ્રસાદસ્વામીજી મહારાજનો 92મો પ્રાગટ્ય ઉત્સવ ભવ્યતાથી ઉજવાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.24
સંસ્કારી નગરી વડોદરાના કારેલીબાગ સ્થિત અંબાલાલ પાર્ક ગ્રાઉન્ડ ખાતે પૂજ્ય હરિપ્રસાદસ્વામીજી મહારાજનો 92મો પ્રાગટ્ય ઉત્સવ 'ગુરુભક્તિ મહોત્સવ' તરીકે ભવ્ય ભક્તિભાવ સાથે ઉજવાયો હતો. કાર્યક્રમમાં 11 હજારથી વધુ હરિભક્તો પ્રત્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે દેશ-વિદેશના લાખો હરિભક્તોએ ઓનલાઈન જોડાઈ મહોત્સવનો લાભ લીધો હતો. આ પ્રસંગે પરમ પૂજ્ય પ્રબોધજીવનસ્વામીજી મહારાજે આશીર્વચન પાઠવતા જણાવ્યું હતું કે આજનો યુગ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો યુગ છે, પરંતુ હરિપ્રસાદસ્વામીજી મહારાજે 'આત્મીયતા'ના ઈન્ટેલિજન્સથી હજારો યુવાનો અને પરિવારોના જીવનમાં સુખ, શાંતિ અને આનંદના રંગ પૂર્યા છે. પરિવારમાં આત્મીયતા રહેશે તો જ સમાજ અને રાષ્ટ્ર મજબૂત બનશે. તેમણે જણાવ્યું હતું કે સંતો સાથેની મૈત્રી, સત્સંગ અને સકારાત્મક સંસ્કારો દ્વારા યુવાનોને વ્યસનમુક્ત અને ચારિત્ર્યશીલ જીવન તરફ દોરી શકાય છે. હરિપ્રસાદસ્વામીજી મહારાજે જીવનભર નિરપેક્ષ પ્રેમ, સુહૃદભાવ અને આત્મીયતા દ્વારા લાખો હરિભક્તોના જીવનને સ્પર્શ્યા હતા.

## વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે "આર્ટ ઓફ એન્વાયરમેન્ટ" પેઈન્ટિંગ સ્પર્ધાનું આયોજન



(પ્રતિનિધિ) વડોદરા, તા.24
બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત "આર્ટ ઓફ એન્વાયરમેન્ટ" થીમ આધારિત પેઈન્ટિંગ સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં કુલ 20 બાળકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને પર્યાવરણ પ્રત્યેની પોતાની જાગૃતિ તથા સર્જનાત્મકતા ચિત્રો દ્વારા વ્યક્ત કરી હતી.
સ્પર્ધાનો મુખ્ય હેતુ બાળકોમાં પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવાનો તેમજ કલાના માધ્યમથી પ્રકૃતિ પ્રત્યે પ્રેમ વિકસાવવાનો હતો. તમામ ભાગ લેનાર બાળકોને બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન તરફથી ભાગીદારી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. 6 થી 10 વર્ષ કેટેગરીમાં જય સિદ્ધાર્થ ઠાકોરે પ્રથમ, ઈવાના પરમારે દ્વિતીય અને દેવશ્રી ચૌહાણે તૃતીય સ્થાન મેળવ્યું હતું. 11 થી 14 વર્ષ કેટેગરીમાં હિતૈષી સિતાપારાએ પ્રથમ, રિકિન પટેલે દ્વિતીય અને નિષ્ઠા ચાવડાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જ્યારે સ્પૃહા શાહ અને નિરવ ગરુડને કન્સોલેશન પ્રાઈઝ આપવામાં આવ્યા હતા.

# કોથળામાંથી બિલાડું કે 'નારી શક્તિ'નું બુલડોઝર? વડોદરા કોર્પોરેશનના ધુરંધરોમાં ધબકારા તેજ!



વડોદરા જિલ્લા પંચાયતમાં તાજેતરમાં થયેલી નિમણૂકો બાદ એક વાત તો સાબિત થઈ ગઈ છે કે રાજકારણમાં હવે "ભાઈઓનો જમાનો" ધીમે ધીમે "બેનશક્તિ યુગ"માં એન્ટ્રી મારી રહ્યો છે. પ્રમુખથી લઈને ચેરમેન સુધી મહિલાઓનો એવો દબદબો રહ્યો કે ઘણા વર્ષોથી રાજકીય ગાદી પર આંખ ગોઠવીને બેઠેલા કેટલાક પુરુષ નેતાઓના ચહેરા પરથી રાજકીય તેજ ગાયબ થઈ ગયું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

હવે નજર છે વડોદરા મહાનગરપાલિકાની 28મી તારીખ પર, જ્યાં મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને દંડક જેવા હોદ્દાઓ માટે ભાજપનું મોવડીમંડળ "કોથળામાંથી બિલાડું" બહાર કાઢશે. પરંતુ આ વખતે બિલાડું નહીં, સીધું "શેરણી" બહાર આવે તેવી રાજકીય હવા ચાલી રહી છે!

શહેરના કેટલાક ધુરંધરો તો છેલ્લા ઘણા મહિનાથી પોતાને "ફાઈનલ" માનીને ફોટોશૂટ મોડમાં હતા. કોઈએ નવા કપડાં સીવડાવી દીધા, તો કોઈએ શુભેચ્છા બેનરો માટે ડિઝાઈન પણ તૈયાર રાખી દીધી હતી. પરંતુ જિલ્લા પંચાયતની નિમણૂક બાદ હવે એ જ નેતાઓના કેમ્પમાં "ભાઈ, ઉપરથી શું સૂચના છે?" જેવા સવાલો વધી ગયા છે.

ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે ભાજપ છેલ્લી ઘડીએ સસ્પેન્સ ખોલવામાં માસ્ટર છે. જે નેતા પોતાને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે મનમાં શપથ લેવડાવી ચૂક્યા છે, તેઓને અંતિમ ક્ષણે "આ વખતે મહિલા" સાંભળવું પડે તો નવાઈ નહીં. કારણ કે હાલ પાર્ટીમાં "નારી શક્તિ"નો એવો પવન ફૂંકાઈ રહ્યો છે કે મોટા મોટા ગોડફાધરોનાં રાજકીય વાળ પણ ઉડી જાય!

સૂત્રો કહે છે કે ડેપ્યુટી મેયર અને દંડક જેવા હોદ્દાઓ પર પણ મહિલાઓને તક આપવાની ચર્ચા જોરમાં છે. જો આવું બન્યું તો વર્ષોથી કોર્પોરેશનની ગેલેરીમાં રાજકીય ગર્જના કરતા કેટલાક પુરુષ કાઉન્સિલરોને હવે માત્ર તાળીઓ પાડવાની જવાબદારી જ બાકી રહે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

હાલ તો શહેરના રાજકીય કાફેમાં એક જ ચર્ચા ચાલી રહી છે – "આ વખતે ખુરશી પર કોણ બેસશે?" પરંતુ અંદરની વાત જાણનારાઓ કહે છે કે ભાજપમાં ખુરશી કરતાં "સરપ્રાઈઝ" વધારે મજબૂત હોય છે! હવે 28મી તારીખે ખરેખર કોથળામાંથી બિલાડું નીકળે છે કે સીધી "શેરણી" ગાદી સંભાળે છે, તેના પર સૌની નજર ટકેલી છે.

મામલો ઠંડો પાડવાનો પ્રયાસ થાય છે.

## પોલીસ સ્ટેશનમાં 'વહીવટદાર' બદલાવાની ચર્ચાથી બુટલેગર લોબીમાં બેચેની!




વડોદરા શહેરના એક પોલીસ સ્ટેશનમાં આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થાથી વધારે "વહીવટ અને વ્યવસ્થા"ની ચર્ચા ગરમાઈ છે. કારણ કે સ્ટેશનના હાલના વહીવટદાર અને વિસ્તારમાં ગેરકાયદે દારૂના ધંધા ચલાવતા બુટલેગરો વચ્ચે એવી "સમજદારી" વિકસાઈ ગઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે કે જાણે બંને પક્ષો વર્ષોથી કોઈ સંયુક્ત સાહસ ચલાવતા હોય!

પોલીસ સ્ટેશનના વહીવટદારને સામાન્ય રીતે "વહીવટી" કામકાજનો મુખ્ય કડી માનવામાં આવે છે, પરંતુ અહીં તો વાત કંઈક વધારે જ આગળ વધી ગઈ હોવાનું કહેવાય છે. સૂત્રો મુજબ હાલના વહીવટદારના સમયમાં કેટલાક બુટલેગરોને એવી "સુવિધાસભર સેવા" મળી રહી હતી કે હવે બદલાવની વાત સાંભળતા જ ઘણા લોકોના ચહેરા પરથી સ્મિત ગાયબ થઈ ગયું છે.

તાજેતરમાં જ બદલી થઈને આવેલા એક સિનિયર પોલીસ કર્મચારીને નવા વહીવટદાર તરીકે મુકવાની ચર્ચા શરૂ થતાં જ પોલીસ સ્ટેશનમાં નહીં, પરંતુ ગેરકાયદે દારૂના અડ્ડાઓમાં પણ ચિંતા શરૂ થઈ ગઈ હોવાનું કહેવાય છે. "નવા સાહેબ કેવી નીતિ રાખશે?" અને "જૂની સેટિંગ ચાલુ રહેશે કે નહીં?" જેવા પ્રશ્નોએ કેટલાક બુટલેગરોની ઊંઘ ઉડાવી દીધી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

રાજકીય નહીં પરંતુ "રાસાયણિક" સમીકરણો બગડવાની ભીતિ વચ્ચે કેટલાક બુટલેગરો દ્વારા નવા વહીવટદારને લઈને અંદરખાને અસંતોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો હોવાનું પણ જાણવા મળે છે. જાણકારો તો મજાકમાં કહી રહ્યા છે કે, "સ્ટેશનમાં પોસ્ટિંગ બદલાય એ પહેલાં જ બહારના તત્વોનું મતદાન શરૂ થઈ ગયું!"

બીજી તરફ, હાલના વહીવટદાર એવા પોલીસ કર્મચારીમાં પણ નારાજગી જોવા મળી રહી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આખરે વર્ષોથી જમાવેલી "વ્યવસ્થા" અને "સંપર્કો" એક જ ઓર્ડરમાં બદલાઈ જાય તો દુઃખ તો થાય જ ને!

પોલીસ વિભાગમાં હવે એક જ સવાલ ચર્ચાઈ રહ્યો છે – "વહીવટ બદલાશે કે પછી વહીવટ જ બધું બદલી નાખશે?" હાલ તો સમગ્ર મામલો પોલીસ સ્ટેશન કરતાં વધારે શહેરના "ખાસ વર્તુળો"માં ચર્ચાનો વિષય બન્યો છે.

## વડોદરા કલેક્ટર કચેરીમાં 'ફુલ ટેન્શન મોડ'! ગાંધીનગરની ફટકાર બાદ બેઠકોની મેરેથોન સીઝન શરૂ




વડોદરા કલેક્ટર કચેરીમાં આ દિવસોમાં એવો માહોલ છે કે જાણે કોઈ સરકારી ઓફિસ નહીં પરંતુ "ડેમેજ કંટ્રોલ વોર રૂમ" ચાલી રહ્યું હોય! અવારનવાર વિવાદોમાં સપડાતા કલેક્ટરને ગાંધીનગરથી પડેલી પ્રચંડ ફટકાર બાદ આખું વહીવટી તંત્ર અચાનક જાગૃત થઈ ગયું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

સૂત્રો કહે છે કે સચિવાલયમાંથી સ્પષ્ટ શબ્દોમાં કહી દેવામાં આવ્યું છે – "કામમાં ધ્યાન આપો, નહીં તો ટ્રાન્સફર ઓર્ડર માટે તૈયાર રહો!" બસ પછી શું? જે કચેરીમાં સામાન્ય દિવસોમાં ફાઈલોની ગતિ કાચબાની ચાલે ચાલતી હતી, ત્યાં હવે મેરેથોન બેઠકોનો વરસાદ શરૂ થઈ ગયો છે.

નિવાસી અધિક કલેક્ટર, ચિટનીસ, મામલતદારો અને અન્ય અધિકારીઓ સાથે તાબડતોબ બેઠકો યોજાઈ રહી છે. અંદરના વર્તુળોમાં તો એવી પણ ચર્ચા છે કે કલેક્ટર સાહેબનો ઉપરથી એવો "ક્લાસ" લેવામાં આવ્યો કે હવે કચેરીમાં ચા કરતાં વધુ ગરમ ચર્ચાઓ ચાલી રહી છે.

આ આખા મામલાના કેન્દ્રમાં છે – ગેરકાયદેસર રીતે ખેડૂત બનવાનું કથિત કૌભાંડ! ખોટા વીલના આધારે ખેડૂત બની ગયેલા ગિરીશ સુંદરલાલ નામના આસામીના ખટંબા સ્થિત જમીનના એન.એ. પ્રકરણમાં ગંભીર ગેરરીતિઓની આશંકાએ તંત્રની ઊંઘ હરામ કરી દીધી છે.

રસપ્રદ વાત એ છે કે RTE હેઠળ સત્તાવાર રીતે માંગવામાં આવેલા દસ્તાવેજો અને આધારભૂત પુરાવાઓ આપવા મામલે કલેક્ટર કચેરી જાણે "ધીમી ગતિ સ્પર્ધા"માં ભાગ લઈ રહી હોય તેમ વર્તન કરી રહી છે. દસ્તાવેજો આપવામાં થતા વિલંબને લઈને હવે સવાલો ઉઠી રહ્યા છે કે આખરે ફાઈલોમાં એવું શું છે, જેને બહાર આવતાં અટકાવવાની આટલી મહેનત થઈ રહી છે?

રાજકીય અને વહીવટી વર્તુળોમાં ગણગણાટ છે કે ગાંધીનગર હવે માત્ર સ્પષ્ટીકરણોથી સંતોષ માનવાના મૂડમાં નથી. જો ગેરકાયદે ખેડૂત પ્રકરણમાં કડક કાર્યવાહી નહીં થાય તો "ખુરશી બચાવો અભિયાન" પણ કામ નહીં આવે.

હાલ તો કલેક્ટર કચેરીમાં એક જ વાતની ચર્ચા છે – "ફાઈલ બચશે કે ખુરશી?" હવે જોવાનું એ રહેશે કે ગાંધીનગરની ફટકાર બાદ ખરેખર કાયદાનો હથોડો વીંઝાય છે કે પછી બેઠકો અને સૂચનાઓના રાઉન્ડથી જ

## "આઠ સુધી અમારી જવાબદારી, હવે આગળ ભગવાન ભરોસે!" – ખાનગી શાળાઓનો નવો શિક્ષણ મંત્ર




વડોદરાની કેટલીક ખાનગી શાળાઓએ RTE કાયદાનો એવો સર્જનાત્મક અર્થ કાઢ્યો છે કે ગરીબ બાળકને ધો.8 સુધી પ્રેમથી ભણાવો અને પછી એક સરસ મજાની TC સાથે "આવજો" કહી દો! જાણે શિક્ષણ નહીં પરંતુ કોઈ ફ્રી ટ્રાયલ પેકેજ પૂરું થયું હોય!

RTE એટલે કે રાઈટ ટુ એજ્યુકેશન કાયદાનો હેતુ ગરીબ બાળકોને શિક્ષણનો અધિકાર આપવાનો હતો, પરંતુ હવે કેટલીક માલતુજાર સ્કૂલો માટે તે માત્ર "ધો.1 થી 8 સુધીની જવાબદારી" પૂરતું સીમિત રહી ગયું હોવાનું વાલીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

વાલીઓ બાળકને એ જ સ્કૂલમાં આગળ ભણાવવા માગે તો મેનેજમેન્ટ તરફથી જવાબ મળે છે – "હવે ધો.9થી ફી લાગશે, બીજે એડમિશન લઈ લો!" એટલે કે બાળકના સપના, મિત્રવર્તુળ અને ભણતર કરતાં નિયમોની આડમાં "ફી સ્ટ્રક્ચર" વધારે મહત્વનું બની ગયું છે.

વાલીઓ હવે સવાલ કરી રહ્યા છે કે શું RTEમાં પ્રવેશ મેળવનાર પરિવાર જીવનભર ગરીબ જ રહેવાનો છે? જો કોઈ વાલી વર્ષો સુધી મહેનત કરીને પોતાના બાળકને આગળ ભણાવવા તૈયાર હોય તો પણ સ્કૂલોમાં તેમને તક કેમ નથી મળતી?

શિક્ષણવિદોમાં પણ ચર્ચા છે કે કેટલાક સ્થળોએ RTEની બેઠકો સક્ષમ વાલીઓને વેચી મારવાના આક્ષેપો વચ્ચે DEO કચેરીનું મૌન પણ અનેક સવાલો ઉભા કરી રહ્યું છે. ફરિયાદો પછી પણ કાર્યવાહી ન થતાં હવે લોકો મજાકમાં કહેવા લાગ્યા છે કે "DEO ઓફિસ શિક્ષણ વિભાગ કરતાં સ્કૂલ મેનેજમેન્ટ માટે વધુ સેન્સિટિવ છે!"

એફઆરસીના નિયમો હોવા છતાં કેટલીક સ્કૂલો "એક્ટિવિટી", "સ્માર્ટ ક્લાસ", "ડેવલપમેન્ટ" અને અન્ય આકર્ષક નામે એવી ફી વસૂલે છે કે વાલીઓને લાગે જાણે બાળક ભણવા નહીં પરંતુ સીધું કોઈ આંતરરાષ્ટ્રીય મિશનમાં જઈ રહ્યું હોય!

હાલ સૌથી મોટો સવાલ એ જ છે – ધો.8 પછી ગરીબ બાળક ક્યાં જાય? કારણ કે સિસ્ટમ તો જાણે કહી રહી હોય : "મફત શિક્ષણની સેવા અહીં સુધી જ... આગળનો માર્ગ સ્વખર્ચે!"